IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# શિક્ષણની કથળતી ગુણવત્તા અને પડકારો

**Nileshkumar Gohel**

**Assistant Professor**

**Shri I J Patel M.Ed. Course, Mogri**

❖ **સારાંશ**

ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સમૃદ્ધ અને પ્રગતિશીલ સમાજનો આધાર છે. ભારતમાં, સમૃદ્ધ ઈતિહાસ અને ૧૩૦ કરોડ થી વધુની વૈવિધ્યસભર વસ્તી ધરાવતો દેશ, ગુણવત્તાયુક્ત શિક્ષણની શોધ એક કાયમી પડકાર છે. જ્યારે તાજેતરના વર્ષોમાં પ્રગતિ કરવામાં આવી છે, ત્યાં હજુ પણ વૈશ્વિક સ્તરે ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ પ્રાપ્ત કરવામાં નોંધપાત્ર અવરોધો છે. ભારતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરવું એ પડકારોથી ભરેલી સતત યાત્રા છે, પરંતુ તે રાષ્ટ્રની પ્રગતિ તરફનું એક નિર્ણાયક પગલું પણ છે. ભારતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ એ એક બહુપક્ષીય અને વિકસિત પડકાર છે જેમાં સુલભતા, સમાવેશીતા, અભ્યાસક્રમની સુસંગતતા, શિક્ષણ પદ્ધતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિવિધ પરિમાણોનો સમાવેશ થાય છે. ભારત જેવા વૈવિધ્યસભર અને વસ્તીવાળા રાષ્ટ્રમાં શૈક્ષણિક વિભાજનને દૂર કરવા માટે સર્વગ્રાહી અભિગમની જરૂરિયાતને પ્રકાશિત કરીને સરકારની પહેલો, તકનીકી પ્રગતિઓ અને સમુદાયની સંડોવણીનો અભ્યાસ કરે છે. ભારતમાં દરેક બાળકને એક એવું શિક્ષણ મળે જે તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કરે.

❖ **ચાવીરૂપશબ્દો:** *ગુણવત્તાયુક્ત શિક્ષણ, NEP-2020માં ગુણવત્તાયુક્ત શિક્ષણ ગુણવત્તાયુક્ત શિક્ષણનાપડકારો*

❖ **પ્રસ્તાવના**

વર્તમાન સમયમાં દેશનું ભવિષ્ય મજબૂત અને સુરક્ષિત બનાવવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ આવશ્યક છે. દેશનો વિકાસનો આધાર શિક્ષણના પાયામાં છે. ભારતને મહાસત્તાબનાવવા માટે શિક્ષણ એ પાયાની ભૂમિકામાં છે. ભારત દેશ વિશ્વમાં સૌથી માનવબળ ધરાવતો દેશ છે. તે જોતા શિક્ષણને ગુણવત્તા આવનારા સમયમાં ભારતને વિકાસમાં હરણફાળ ભરવામાં મદદરૂપ થશે. તે માટે ભારતે ગણવતાયુક્ત શિક્ષણની તકો ઉપલબ્ધ કરાવીપડશે.જે આત્મનિર્ભર ભારતની કલ્પના વધુ પીઠબળ પૂરું પાડશે.શિક્ષણની ગુણવત્તાનું માપન માત્ર વિદ્યાર્થીઓના પરિણામ દ્વારા જ થાય છે. જે ગેરમાન્યતા છે વિદ્યાર્થીના પરિણામ સાથે સર્વાંગી વિકાસ એ શિક્ષણની ગુણવત્તાનું પ્રતિબિંબ છે.શિક્ષણની ગુણવત્તાના પ્રયાસોમાં શિક્ષક અને વિદ્યાર્થી વર્ગખંડની ચાર દીવાલોમાં જ માત્ર શિક્ષણ કાર્ય કરીને પરીક્ષામાં ઊંચું પરિણામ લાવવાના પ્રયત્નમાં તેઓ અને ઈત્તર પ્રવૃત્તિઓમાં જરૂરી સમય ફાળવી શકતા નથી. જેમાં શિક્ષક અને શાળા જવાબદાર છેદેશની સામાજિક, આર્થિક વ્યવસ્થા ને જાળવી રાખવા શિક્ષણ અગત્યનું પરિબળ છે.શિક્ષણની ગુણવત્તામાં 2023 સુધીની પરિસ્થિતિમાં ભૌતિક અને માળખાગત સુવિધામાં નોંધપાત્ર સુધારો થયો છે, પણ હજુ પણ આંકડાઓમાં વાસ્તવિક કઈક અલગ છે. શિક્ષણનીગુણવત્તામાં ગુજરાત રાજ્યે અન્ય રાજ્યની સરખામણીમાં પ્રગતિ કરી છે.

- **ગુણવત્તાયુક્ત શિક્ષણ**

શિક્ષણ અને તેની ગુણવત્તાકોઈ પણ દેશ, સમાજના બદલાતા ભવિષ્યને વધુ સારું બનાવે છે.ગુણવત્તાયુક્ત શિક્ષણ વિદ્યાર્થીના ભવિષ્યની દિશા નક્કી કરે છે. શિક્ષણમાં જો ધ્યેયો,હેતુઓ ઉચ્ચપ્રયાસો દ્વારા સિદ્ધ કરવાની સાથે બાળકનો સર્વાંગી વિકાસ થાય તો સમાજ અને દેશ માટે ઉપયોગી બની શકે છે. આધુનિક સમાજની માંગ ગુણવત્તાયુક્ત શિક્ષણ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણમાં શિક્ષણ સાથે ગુણોનો વિકાસ કરવામાં આવે છે. ગુણવત્તા યુક્ત શિક્ષણમાં લાભાર્થી વિદ્યાર્થી હોય છે.

- **ગુણવત્તાયુક્ત શિક્ષણ એટલે...**

"શિક્ષણ જે વિદ્યાર્થીને આર્થિક અને સામાજિક રીતે વિદ્યાર્થીના વિકાસમાં મદદ કરે એટલે કે માત્ર પરિણામ આંકડા લક્ષી જ નહીં પણ ગુણોલક્ષી શિક્ષણ જે વિદ્યાર્થીના ભવિષ્યની દિશા નક્કી કરી આપે"

"ગુણવત્તાયુક્ત શિક્ષણ જે વિદ્યાર્થીઓના રસ,રૂચી, ક્ષમતાઓને સમજે અને વિકસાવે"

"ગુણવત્તાયુક્ત શિક્ષણ એટલે વિદ્યાર્થી, સમાજ અને રાષ્ટ્ર નો વિકાસ નું શિક્ષણ"

આમ, ગુણવત્તાયુક્ત શિક્ષણ એટલે શિક્ષણ જે કાયમી શિક્ષણ બની રહે. શિક્ષણ જે જાણતા શીખવે. વિદ્યાર્થીને જ્ઞાનનો ઉપયોગ કરતા શીખવે. સમાજમાં સાથે રહીને કાર્ય કરતાં શીખવે.

ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ઘણા ફેરફારો થયા છે. આઝાદી ના ઘણા સમય પછી પણ ભારતીય શિક્ષણ પ્રણાલીમાં મુદ્દાઓ અને પડકારો છે. આ મુદ્દાઓ અને પડકારોનો ઉકેલ જરૂરી છે. જેથી શિક્ષણમાં ગુણવત્તા લાવી શકાય.શિક્ષણ થી કોઈ બાળક વંચિત ન રહી જાય તે માટે બંધારણમાં છ મૂળભૂત અધિકારો રજુ થયા. જેમાં શિક્ષણનો અધિકાર હતો. તે 6 થી 14 વર્ષ સુધીના દરેક બાળક માટે મફત શિક્ષણની મંજૂરી આપે છે.

- **ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કેટલીક સંસ્થાઓ -:**

**1) નીતિ આયોગ- SEQI આઈસ્કૂલ એજ્યુકેશન ક્વોલિટી ઈન્ડેક્ષ**

નીતિ આયોગ દ્વારા સ્કૂલ એજ્યુકેશન ક્વોલિટી ઈન્ડેક્ષનીરચના કરવામાં આવેલ છે ભારતમાં શાળા પ્રણાલીની અસરકારકતા ગુણવત્તા અને કાર્યક્ષમતાનું માપન કરે છે જે રાજ્યોને શિક્ષણને ગુણવત્તા સુધારવા માટે પ્રોત્સાહન રૂપી કાર્ય કરે છે.

**2) શિક્ષણમાં પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ**

ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શિક્ષણની વર્તમાન સ્થિતિની તપાસ કરવા માટેની માર્ગદર્શિકા તરીકે કાર્ય કરે છે.જે તેના પ્રદર્શનને વિવિધ લક્ષ્યોની મુખ્ય દિશા નક્કી કરે છે.પ્રદર્શન ગ્રેડિંગ ઈન્ડેક્સ નોઉપયોગ શાળાઓમાં શિક્ષણના ગ્રેડિંગને માપવા અને અંદાજ કાઢવા માટે થાય છે. શાળામાં અથવા તેના ભાગોમાં કોઈ સમસ્યા હોય, તો તે ક્ષેત્રોને સુધારવા માટે કરવામાં આવેલા કાર્યથી તેઓ દરેક સ્તર પર વધુ સારા ગ્રેડ મેળવી શકે છે. પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રયત્ન કરવા માટે મદદ કરેછે.૨૦૨૦-૨૧ રીપોર્ટ પ્રમાણે 8માં ક્રમ થી 5માં ક્રમ માં પ્રગતિ કરી ગુજરાત દેશના મુખ્ય રાજ્યમાં સામેલ થયું છે.

**3) પરખ- PARAKH ( Performance Assessment, Review, and Analysis of Knowledge for Holistic Development)**

પરખ એટલે સર્વગ્રાહી વિકાસ માટે પર્ફોર્મન્સ એસેસમેન્ટ, રિવ્યુ અને નોલેજનું વિશ્લેષણ. NCERTએ ભારતનું પ્રથમ રાષ્ટ્રીય મૂલ્યાંકન નિયમનકાર "PARAKH" લોન્ચ કર્યું નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા ભારતનું પ્રથમ રાષ્ટ્રીય મૂલ્યાંકન નિયમનકાર છે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શાળા બોર્ડને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટે બનાવવામાં આવેલ સંસ્થા છે. તે નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP)-2020 ના અમલીકરણના ભાગ રૂપે શરૂ કરવામાં આવી છેવિદ્યાર્થીઓના અધ્યયન પરીક્ષણ સાથે સંકળાયેલું છે. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના ધોરણો અને માર્ગદર્શિકા નક્કી કરે છે

**4) નિષ્ઠા-NISTHA (National Initiative for School Heads' and Teachers' Holistic Advancement)**

શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા વર્ષ 2019-20 માં સમગ્ર શિક્ષાની કેન્દ્રિય પ્રાયોજિત યોજના હેઠળ નિષ્ઠા નામના સંકલિત શિક્ષક તાલીમ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક સ્તરે શિક્ષણના પરિણામોને ગુણવત્તા સુધારવા માટે એક રાષ્ટ્રીય મિશન શરૂ કર્યું છે.નિષ્ઠા એ "સંકલિત શિક્ષક તાલીમ દ્વારા શાળા શિક્ષણની ગુણવત્તા સુધારવા" માટે કાર્યક્રમ છે. તમામ શિક્ષકો અને આચાર્યો વચ્ચે પ્રાથમિક સ્તરે યોગ્યતા કેળવવાનો છે. નિષ્ઠા એ વિશ્વનો સૌથી મોટો શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમ છે. જેમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે રાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત તાલીમ આયોજનો વિકસાવવામાં આવે છે.

**નિષ્ઠા અંતર્ગત ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે-:**

- શિક્ષકોની ક્ષમતા નિર્માણ કરવું .
- શિક્ષક આચાર્ય ની સંકલિત તાલીમ.
- યોગ્યતા અને કૌશલ્યો આધારિત શિક્ષણ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- પ્રથમ સ્તરના શિક્ષકોની તાલીમ
- પ્રાયોગિક અને આનંદકારક શિક્ષણને પ્રોત્સાહન આપી વધારવું
- કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ અંગે ની જાગૃતિ વધારવી
- વિભાગોના પ્રયત્નોનું સંકલન કરવું
- પ્રવૃત્તિ આધારિત તાલીમ મોડ્યુલો વિકસાવવા
- વિદ્યાર્થીઓના અભ્યાસના પરિણામોમાં સુધારો થાય તેવા પ્રયત્નો
- સમૃદ્ધ વર્ગખંડ વાતાવરણની રચના કરવી
- વિદ્યાર્થીઓની સામાજિક, ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો પ્રત્યે માટે શિક્ષકોને પ્રથમ સ્તરના તાલીમ આપવી.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવીનતામાં વધારો કરે તે માટે શિક્ષકોને તાલીમ આપવી
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વ્યક્તિગત-સામાજિક ગુણો વિકસાવવા અને મજબૂત કરવા શિક્ષકોને તાલીમ આપવી.
- સ્વસ્થ અને સલામત શાળા વાતાવરણનું નિર્માણ કરવું
- શીખવાની ક્ષમતાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને તણાવમુક્ત શાળા આધારિત મૂલ્યાંકન વિકસાવું.
- શિક્ષકો પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અપનાવે તેવા પ્રયત્નો

**5) નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs)નું મૂલ્યાંકન કરે અને માન્યતા આપે છે. તે એક સ્વાયત્ત સંસ્થા છે. જેને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા નાણા સહાય પૂરી પાડવામાં આવે છે. NAAC ની સ્થાપના 1994 માં શિક્ષણમાં રાષ્ટ્રીય નીતિ (1986) ની ભલામણોના જવાબમાં કરવામાં આવી હતી. આ નીતિ "શિક્ષણની ગુણવત્તામાં વિષયક મુદ્દાઓને દર્શાવવામાં આવ્યા હતા. ઉચ્ચ શિક્ષણ માં ગુણવત્તા જળવાય તેના સ્તર નું મૂલ્યાંકન કરવા માટે પ્રયત્નશીલ છે.

- **ગુજરાતમાં શિક્ષણ**

દેશ અને રાજ્યના વિકાસ ને સમજવા માટે શિક્ષણનો વિકાસને સમજવું જરૂરી છે. ગુજરાત રાજ્યનો આર્થિક વિકાસ દર ખૂબ જ ઊંચો છે પણ આર્થિક વિકાસનો ફાયદો શિક્ષણ ને મળવામાં ક્યાંક કચાશ રહી ગઈ છે જે શિક્ષણનીવાસ્તવિકતામાં પ્રતિબિંબ થાય છે.ગુજરાતમાં શિક્ષણ માટે જરૂરી માળખાકીય ને ભૌતિક સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે પણ સત્તા વાર આંકડા દ્વારા રજૂ થતુ ચિત્ર માં વાસ્તવિકતા ના આંકડા કંઈક અલગ જ છે.2001માં ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ 69% હતું. તેમાં વધારો થઈને 78% થયું છે પણ હજુ તેમાં વધારો અને ગુણવત્તા યુક્ત શિક્ષણ બાકી છે. બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાત 12 માં નંબર પર છે. શાળામાં દાખલ થતા બાળકોની સંખ્યામાં વધારો થયો છે પણ આગળ જતા પ્રાથમિકથી માધ્યમિક સ્તર સુધીમાં આવતા બાળકોની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. 2023માં ધોરણ 10 નું પરિણામ 64.62 ટકા આવ્યું હતું એટલે કે બોર્ડની પરીક્ષાનું પરિણામ બીજા રાજ્યોના પરિણામ કરતાં માત્ર નોંધપાત્ર છે.2021-22 માં શાળામાં પ્રવેશ મેળવ્યા પછી અધ વચ્ચે શાળા છોડી દેનાર બાળકોમાં ગુજરાત 17.85 % સાથે સમગ્ર દેશમાં પાંચમા ક્રમ ઉપર છે.

- **ASER - અસર એટલે એન્યુઅલ સ્ટેટ્સ ઓફ એજ્યુકેશન રિપોર્ટ-:**

પ્રથમ નામની એનજીઓ સંસ્થા દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં રજૂ કરવામાં આવે છે.આ રિપોર્ટમાં જણાવ્યા મુજબ..

- ગુજરાત રાજ્યમાં શાળામાં વિદ્યાર્થીનીઓ માટે અલગ શૌચાલય અને પીવાની પાણીની હજુ પણ વ્યવસ્થા નથી.
- શાળાઓમાં હજુ કોમ્પ્યુટર લેબની વ્યવસ્થા નથી અને જ્યાં કોમ્પ્યુટર લેબ ની વ્યવસ્થા છે ત્યાં કોમ્પ્યુટર લેબ નો ઉપયોગ માત્ર નોંધપાત્ર છે.
- 2016 ના રિપોર્ટ પ્રમાણે ધોરણ-5 ના 50% વિદ્યાર્થીઓ અને ધોરણ-8 માં ભણતા વિદ્યાર્થીઓ ધોરણ-2 ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું વાંચન બરોબર કરી શક્યા ન હતા.
- કેન્દ્ર સરકારના માનવ સંસાધન મંત્રાલયના 2016 ના રિપોર્ટ પ્રમાણે ગણિત વિષયમાં અને અંગ્રેજી વિષયમાં વિદ્યાર્થીઓના પરિણામના સંદર્ભે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય 27 મા ક્રમે હતું.

**શિક્ષણમાં કથળતી ગુણવત્તા-:**

- ગુજરાત રાજ્યમાં પોતાની જ માતૃભાષા ગુજરાતી વિષયમાં કથળતું જતું શિક્ષણનું સ્તર.
- ગુજરાતી સિવાયની અન્ય ભાષાઓ સમજવામાં અને તેને વાંચવામાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ.
- ગુજરાત બોર્ડ દ્વારા લેવાતી એસએસસીની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં સતત નીચું પરિણામ.
- રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓનો નબળો દેખાવ.
- રાષ્ટ્રીય સ્તરે થતી પરીક્ષાઓ JEE/NEET/ UPSC માં ગુજરાતના વિદ્યાર્થીઓને પેપર અઘરું લાગવાની મુશ્કેલીઓ
- ગણિત અને અંગ્રેજી વિષયમાં વિદ્યાર્થીઓનું પરિણામ
- બોર્ડના પરિણામો માતૃભાષા ગુજરાતી વિષયમાં નીચું પરિણામ
- રાષ્ટ્રીય સ્તરે JEE-NEETજેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતીના વિદ્યાર્થીઓનો ચિંતાજનક દેખાવો અને પરિણામ
- શિક્ષણની ગુણવત્તા જાળવવા તાલીમી શિક્ષકોનું મહત્વ
- ગણિત વિજ્ઞાન જે મહત્વના વિષયમાં શિક્ષકોની ઘટ
- સ્વ નિર્ભર શાળાઓમાં પણ સુવિધાઓનો અભાવ
- શિક્ષકોને કૌશલ્ય મેળવવા અને તેમાં સુધારો કરવા યોગ્ય તાલીમનો અભાવ
- ભાર વિનાનું ભણતર પણ, શિક્ષકો પર અન્ય સરકારી કાર્યોનો ભારણ વધવાથી વિદ્યાર્થી પક્ષે તેમના શિક્ષણ કાર્યને ન્યાય આપવામાં કચાશ રહી જાય છે.

ગુજરાત સરકારના પ્રયાસ ગુજરાત રાજ્યની સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા અને શિક્ષણ પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય સાથે શિક્ષણના બજેટમાં વિશેષ મહત્વઆપવામાંઆવ્યું છે.ગત બજેટ કરતા 25% જેટલો વધારો શિક્ષણના બજેટ માં રજૂ કરવામાં આવ્યો છે.શાળા ઈન્ફ્રાસ્ટ્રકચર મેન્ટેનન્સ ગ્રાન્ટ જેમાં સરકારી પ્રાથમિક શાળાઓને માળખાકીય સુવિધાઓની જાળવણી માટે ખર્ચની જોગવાઈ વધારો કરવામાં આવ્યો છે.

➢ **ગુણોત્સવની શરૂઆત**

ગુજરાત સરકાર દ્વારા 2009 થી ગુણવત્તાની સમીક્ષા કરવા માટે ગુણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી.તેમાં A,BC,D ગ્રેડ આપવામાં આવે છે. ને મેળવેલ ગ્રેડ પ્રમાણે ગુણવત્તા સુધારણા હાથ ધરાય છે.શિક્ષણના પાસાઓનું નિદાન અને ઉપચાર કરવામાં આવે છે.જેમાં શિક્ષક,વાલીવિદ્યાર્થી,શાળા નો સમાવેશ થાય છે.

- શાળાની શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક બાબતોનું મૂલ્યાંકન
- શિક્ષણની ગુણવતા માટે જવાબદાર તંત્ર વિકસાવવું
- સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં ગુણવતા સુધારણા
- મૂલ્યાંકન માટે શાળા કક્ષાએ ક્ષમતા વિકસાવવી
- વર્ગખંડના શૈક્ષણિક કાર્યને ગુણવતા સભર બનાવવું
- શિક્ષકો, વાલીઓ અને સમુદાયમાં જાગૃતિ લાવવી ના પરિણામોના આધારે નીતિ વિષયક નિર્ણયો લેવા.

➢ **જ્ઞાન સહાયક યોજના**

ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક શિક્ષણમાં શિક્ષકોની ઘટ ને પૂર્ણ કરવા માટે વર્ષ ૨૦૨૩ માં TAT માધ્યમિક પરીક્ષા પાસ કરેલા શિક્ષકોની ભરતી કરવામાં આવશે.આ યોજના નો ઉદ્દેશ્ય શિક્ષકોની ઘટ ને કારણે ઉભા થતા અવરોધને દુર કરી ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે તેવા પ્રયાસો.

➢ **ખેલ સહાયક યોજના**

2036 ના ઓલમ્પિક ની યજમાન ની દાવેદારી ગુજરાત રાજ્ય કરી રહ્યું છે. તે માટે શાળાના વિદ્યાર્થીઓની યોગા અને શારીરિક શિક્ષણ પ્રવૃત્તિ પર ધ્યાન અને પ્રોત્સાહન આપવા માટે શાળાઓમાં ખેલસહાયકની નિમણૂક કરવામાં આવશે.

➢ **SHODH- (scheme of Developing high quality research)**

ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ગુણવત્તા સંશોધન માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં માટે આ આયોજન ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. શિક્ષણમાં સંશોધન દ્વારા શિક્ષણ વધુ ગુણવત્તા યુક્ત બનશે તે હેતુથી સંશોધન કરતા વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને 15000/- રૂપિય સ્ટાયપેન્ડ આપવામાં આવશે.

ગુજરાત રાજ્યમાં ગુણવત્તા શિક્ષણ માટે સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી યોજના, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, શાળાઆરોગ્ય તપાસ કાર્યક્રમ, ભાર વગરનું ભણતર યોજના, શાળા ગુણવત્તા એવોર્ડ, પ્રજ્ઞા અભિગમ, શાળા ગુણોત્સવ વગેરે પર સરકાર દ્વારા વિશેષ ધ્યાન આપીને તેનો અમલીકરણ કરવામાં આવે છે

- 2020ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) એક વ્યાપક અને સ્વપ્નદ્રષ્ટા દસ્તાવેજ, ભારતમાં શિક્ષણ પ્રણાલીમાં ક્રાંતિ લાવવાનો હેતુ ધરાવે છે. તેના પ્રાથમિક ઉદ્દેશોમાંનો એક તમામ સ્તરે શિક્ષણની ગુણવત્તા વધારવાનો છે.તે હેતુ થી NEP-2020 માં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ના પ્રયાસો

**1. સર્વગ્રાહી અને બહુશાખાકીય અભિગમ**

NEP 2020 એ શિક્ષણ માટે સર્વગ્રાહી અને બહુ-શાખાકીય અભિગમ રજૂ કરે છે. તે વિદ્યાર્થીઓને વિષયોની વિવિધ શ્રેણીને અનુસરવા અને સારી રીતે જ્ઞાન આધાર પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે. આ અભિગમ માત્ર વિદ્યાર્થીઓની નિર્ણાયક વિચારસરણી કૌશલ્યને જ નહીં પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણનો પાયો નાખતા તેઓ વ્યાપક શિક્ષણ મેળવે તેની પણ ખાતરી કરે છે.

**2. પ્રારંભિક બાળપણ શિક્ષણ**

પ્રારંભિક બાળપણ શિક્ષણના મહત્વને ઓળખીને, NEP 2020 પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE) કેન્દ્રોની સ્થાપના પર ભાર મૂકે છે. આ કેન્દ્રોનો ઉદ્દેશ્ય બાળકોને નાનપણથી જ મજબૂત શૈક્ષણિક પાયો પૂરો પાડવાનો, તેમના જ્ઞાનાત્મક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

**3. લવચીક અભ્યાસક્રમ અને પસંદગી-આધારિત ક્રેડિટ સિસ્ટમ**

NEP-2020 એક લવચીક અભ્યાસક્રમની હિમાયત કરે છે જે વિદ્યાર્થીઓને વિષયોની વિશાળ શ્રેણીમાંથી પસંદગી કરવાની મંજૂરી આપે છે અને ઉચ્ચ શિક્ષણ સ્તરે ચોઇસ-આધારિત ક્રેડિટ સિસ્ટમ (CBCS) ને પ્રોત્સાહન આપે છે. આ સુગમતા વિદ્યાર્થીઓને તેમના શિક્ષણને તેમની રુચિઓ અને કારકિર્દીની આકાંક્ષાઓને અનુરૂપ બનાવવા, સક્રિય જોડાણને પ્રોત્સાહન આપીને શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા માટે સક્ષમ બનાવે છે.

**4. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ક્રેડિટ કોર્સ**

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ક્રેડિટ કોર્સની શરૂઆત ગુજરાત અને અન્ય રાજ્યમાં વિવિધ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ ઉપરાંત વધારાના સર્વગ્રાહી શિક્ષણ માટે ક્રેડિટ કોર્સ માટે પ્રવેશ આપવામાં આવશે.

**5. ડિજિટલ લર્નિંગ પર ધ્યાન**

COVID-19 રોગચાળાને પગલે, NEP 2020 ડિજિટલ લર્નિંગના મહત્વને ઓળખે છે. તે શિક્ષણમાં ટેકનોલોજીના એકીકરણને પ્રોત્સાહિત કરે છે, ગુણવત્તાયુક્ત શિક્ષણને દૂરના વિસ્તારોમાં પણ વિશાળ માટે સુલભ બનાવે છે. આ અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ ડિજિટલ યુગ માટે સારી રીતે તૈયાર છે.

**6. શિક્ષક તાલીમ અને વ્યવસાયિક વિકાસ**

ગુણવત્તાયુક્ત શિક્ષણ એ શિક્ષકોની યોગ્યતા સાથે ગાઢ રીતે જોડાયેલું છે. NEP 2020 શિક્ષક તાલીમ અને સતત વ્યાવસાયિક વિકાસના મહત્વ પર ભાર મૂકે છે. શિક્ષકોના કૌશલ્ય વિકાસમાં રોકાણ કરીને, નીતિનો હેતુ વર્ગખંડના શિક્ષણની ગુણવત્તાને વધારવાનો છે, જેનાથી વિદ્યાર્થીઓને ફાયદો થાય છે.

**7.બહુભાષી શિક્ષણ**

NEP 2020 બહુભાષીયતાને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓ પ્રાદેશિક ભાષાઓ સહિત ઓછામાં ઓછી ત્રણ ભાષાઓમાં નિપુણ બને તે સુનિશ્ચિત કરવાનો હેતુ છે. આ અભિગમ માત્ર ભાષાકીય વિવિધતાને જાળવતો નથી પરંતુ જ્ઞાનાત્મક ક્ષમતાઓ અને સાંસ્કૃતિક સમજને પણ વધારે છે.

**8. સંશોધન અને નવીનતા**

ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધારવા માટે, નીતિ સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપે છે. તે સંશોધન ક્લસ્ટરોની સ્થાપનાને પ્રોત્સાહન આપે છે અને સંશોધન પ્રોજેક્ટ્સ માટે ભંડોળ પૂરું પાડે છે, ભારતીય શિક્ષણમાં નવીનતા અને શ્રેષ્ઠતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે.

### 9. સમાવેશીતા અને સમાનતા

આ નીતિ શિક્ષણમાં સમાવેશીતા અને સમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, શહેરી-ગ્રામીણ વિભાજનને દૂર કરવા અને ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચમાં અસમાનતાને દૂર કરવા માટે પ્રયત્નશીલ છે. તે દૂરસ્થ અને અછતગ્રસ્ત વિસ્તારમાં શિક્ષણ મળે તે વ્યવસ્થા.

### 10. ભંડોળ અને સંસાધન ફાળવણી

NEP 2020 ના અમલીકરણમાં મુખ્ય પડકારો પૈકી એક પર્યાપ્ત ભંડોળ અને સંસાધનોની ફાળવણી છે. નીતિના ઉદ્દેશ્યોને સાકાર કરવા માટે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષક તાલીમ, તકનીકી સંકલન અને નવી સંસ્થાઓની સ્થાપનામાં નોંધપાત્ર રોકાણની જરૂર છે. આ સંસાધનોને સુરક્ષિત રાખવું તેની સફળતા માટે મહત્વપૂર્ણ રહેશે.

### 11. શિક્ષકની ગુણવત્તા અને તાલીમ

શિક્ષણની ગુણવત્તામાં સુધારો એ શિક્ષકોની યોગ્યતા પર ઘણો આધાર રાખે છે. NEP 2020 આને ઓળખે છે અને શિક્ષકની તાલીમ અને વ્યાવસાયિક વિકાસ પર ભાર મૂકે છે. નીતિની જોગવાઈઓને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે શિક્ષકો જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ છે તેની ખાતરી કરવી એ એક મહત્વપૂર્ણ ઉપક્રમ છે.

### 12. મૂલ્યાંકન અને પરીક્ષા સુધારાઓ

ગોખાનીયા અધ્યયન- અધ્યાપન થી યોગ્યતા-આધારિત મૂલ્યાંકન તરફ સ્થળાંતર એ મૂળભૂત પરિવર્તન છે. નવી મૂલ્યાંકન પદ્ધતિઓનો અમલ કરવો અને તે સમગ્ર દેશમાં ન્યાયી, પારદર્શક અને સુસંગત છે તેની ખાતરી કરવી એ એક જટિલ કાર્ય હશે જેના માટે સાવચેત આયોજન અને દેખરેખની જરૂર છે.

### 13. પ્રાદેશિક અને સાંસ્કૃતિક વિવિધતા

એક સમાન શિક્ષણ નીતિનો અમલ કરતી વખતે ભારતની સાંસ્કૃતિક અને ભાષાકીય વિવિધતા એક અનન્ય પડકાર છે. શિક્ષણની સામાન્ય ભાષાની જરૂરિયાત સાથે પ્રાદેશિક ભાષાઓના પ્રચારને સંતુલિત કરવું જટિલ હોઈ શકે છે. શિક્ષણ સમાવિષ્ટ અને પ્રાદેશિક ઓળખો પ્રત્યે સંવેદનશીલ રહે તેની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે.

### 14. ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર

જ્યારે NEP 2020 શિક્ષણમાં ટેકનોલોજીના એકીકરણને પ્રોત્સાહિત કરે છે, ત્યારે સમગ્ર દેશમાં ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અસમાનતાઓ છે. ડિજિટલ વિભાજનને દૂર કરવું અને દૂરસ્થ અને અછતગ્રસ્ત વિસ્તારોમાં ટેકનોલોજીની પ્રદાન કરવી એ એક નોંધપાત્ર પડકાર છે.

- ➢ **શિક્ષણની ગુણવત્તાને પ્રભાવિત કરતા પરિબળો**
- **શિક્ષકોને નૈતિક અને વ્યવસાયિક પ્રતિબધ્ધ્તા**
  શિક્ષણના ધ્રુવો માં શિક્ષકનો પણ સમાવેશ થાય છે. શિક્ષણમાં શિક્ષક વર્ગનો રાજા કહેવાય છે. પોતાના વિષયને યોગ્ય ન્યાય આપવો જોઈએ. પોતાની નૈતિક ફરજ સમજી પોતાના વ્યવસાયમાં નિષ્ઠા પૂર્વક કાર્ય કરવું જોઈએ. શિક્ષક દ્વારા પોતાનાવ્યવસાયમાંનૈતિક પ્રતિબદ્ધ ના હોય તો તેની અસર શિક્ષણની ગણાતા પર થાય છે.
- **શિક્ષકોમાં સભાનતા**
  શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારી પ્રત્યે સભાન હોવો જોઈએ. 21મી સદી પ્રમાણે વર્ગ, શાળા, સમાજની અપેક્ષાઓ બદલાઈ રહી છે. તે માટે વ્યવસાય પ્રત્યેની સભાનતા જરૂરી છે.શાળા- કોલેજોમાં શિક્ષકો કે અધ્યાપકોની સેવાકાલીન નિષ્ઠા અને ફરજ શિક્ષણની ગુણવત્તા પર સીધી જ રીતે અસર કરે છે. શિક્ષકો કે અધ્યાપકમાં વ્યવસાય કે કાર્યપ્રતિ સભાનતા ન ધરવતા હોય તો પોતાના વ્યવસાય માં ગુણવત્તા લાવવા માટે તેઓ સભાન હોતા નથી. સભાનતા શિક્ષકોના વ્યવસાયમાં પ્રગતિમાટે જરૂરી છે.
- **શિક્ષણમાં ખાનગીકરણ**
  શિક્ષણમાં ખાનગીકરણની અસર થાય છે, શિક્ષણના ખાનગીકરણમાં પ્રવેશ પ્રક્રિયાથી લઈ પરિણામ સુધી બીજા વિદ્યાર્થીઓને ભવિષ્યને સંકટમાં મૂકવામાં આવે છે, ખાનગી શાળા અને કોલેજોમાં પરિણામ સંદર્ભે હોશિયાર કે નબળા વિદ્યાર્થીઓમાં ભેદ રહેતો નથી. ખાનગીશાળા કોલેજમાં વિદ્યાર્થીઓની ક્ષમતા કરતા ખૂબ જ વધુ પરિણામ આપવામાં આવે છે. જેના કારણે નોકરીની સ્પર્ધામાં બીજા વિદ્યાર્થીઓને નુકસાન જાય છે.

- **રાજ્ય-કેન્દ્ર સરકારની નીતિ**
  રાજ્ય -કેન્દ્ર સરકાર ના વધુ પડતા રાજકીય ફાયદા ના હસ્તક્ષેપને કારણે પણ શિક્ષણ ની ગુણવત્તા જોખમાય છે.રાજ્ય-કેન્દ્ર સરકાર શિક્ષણમાં ગમે તે સમયે યોજનાઓ અને નીતિઓને મૂકે છે કે તેના અમલમાંથી દૂર કરે છે જેનીઅસર શિક્ષણના ગુણવત્તા પર થાય છે. જેની અસર વિદ્યાર્થીઓ ને શિક્ષણમાં લાંબા ગાળે અને તેમના ભવિષ્ય પર થાય છે.
- **કરાર આધારિત ભરતી**
  સરકારને શિક્ષકો-અધ્યાપકોનેકરાર આધારિત ભરતી કરી કાર્ય કરવા માટે નિમણૂક કરવામાં આવે છે. પણ સમય જતા પોતાની પોતાની વ્યવસાય પ્રત્યે નિષ્ઠા જાળવી શકતા નથી. તેમના આર્થિક અસંતોષની અસર શિક્ષણની ગુણવત્તા અસર થાય છે.
- **ટેક્નોલોજીનું વ્યસન**
  વિદ્યાર્થીઓ વધુને વધુ ટેક્નોલોજીના વ્યસની બની રહ્યા છે. અને આ વ્યસનના કેટલાક સીધા પરિણામોમાં અસર શિક્ષણ પર દેખાય છે. મનોરંજન માટે સ્માર્ટફોન,કોમ્પ્યુટરના ના ઉપયોગો વધવાથી વિદ્યાર્થી શાળા માં આવે ત્યારે તેની રસ. રૂચી વર્ગ માં હોતી નથી.તેની અસર પરીણામ અને શિક્ષણ પર થાય છે.
- **અભ્યાસક્રમ**
  શિક્ષણની ગુણવત્તા માટે અભ્યાસક્રમ એ મુખ્ય પરિબળમાં આવે છે શિક્ષણનો આધાર અભ્યાસક્રમ છે અભ્યાસક્રમથી શિક્ષક વિદ્યાર્થીને શીખે છે માટે અભ્યાસક્રમ ના ધ્યેયો, હેતુઓ લક્ષ્યાંકો એ ગુણવત્તા યુક્ત શિક્ષણની દિશા નિર્દેશ કરતા હોવા જોઈએ.વિદ્યાર્થીઓની વિકસતી અને બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા અભ્યાસક્રમને સુધારી તેમાં વર્તમાન અને ભવિષ્ય ના લક્ષ્યાંકો નક્કી કરી તેમાં સુધારો જરૂરી છે.

- **પર્યાવરણ**
  શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે શિક્ષણ ના ઉદ્દેશોની રચના ભૌતિક ,આર્થિક અને સાંસ્કૃતિક વાતાવરણના આધારે કરવામાં આવે છે.વિદ્યાર્થીને શીખવા માટે યોગ્ય વાતાવરણ હોવું જરૂરી છે અને તેના માટે વિદ્યાર્થીઓની આસપાસનું વાતાવરણ અનુકૂળતા વાળું હોવું જોઈએ
- **વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય**
  શિક્ષણ જગતમાં વિદ્યાર્થી પક્ષે જો તે માનસિક રીતે સ્વસ્થ ના હોય , તેને કોઈ સમસ્યા અગાઉ થી હોય કે પછી તે પાછળ થી ભોગ બને તો તેની અસર શિક્ષણ પર થાય છે.
- **તાલીમી શિક્ષકોની ઘટ**
  શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવા માટે તાલીમ પામેલા શિક્ષકોનું ખૂબ જ મહત્વ છે. ઘણી શાળાઓમાં તાલીમય શિક્ષકોની ઘટ. શાળાઓમાં ઘણા શિક્ષકો યોગ્ય તાલીમ પામેલા નથી.
- **ખાનગી શાળામાં ગુણવત્તા યુક્ત શિક્ષણનો અભાવ**
  ખાનગી સુવર્ણ નિર્ભર શાળાઓ ઘણી ઊંચી વસૂલીને પણ ગુણવત્તા યુકત શિક્ષણ પ્રદાન કરવામાં નિષ્ફળ રહી છે.ઘણી ઊંચી ફી વસૂલીને પણ શાળામાં ભૌતિક સુવિધાઓ જેવી કે પ્રયોગશાળા, પુસ્તકાલય, મેદાન જેવી વ્યવસ્થાઓ પૂરતા પ્રમાણમાં હોતી નથી.ખાનગી શાળાના શિક્ષકોના કૌશલ્યો અને ક્ષમતાને સુધારવા અને તેમાં ઉમેરો કરવા માટે થતી જરૂરી તાલીમનો અભાવ.ખાનગી શાળામાં બાળકના સર્વાંગી વિકાસ પર ધ્યાન ન આપતા માત્ર શિક્ષણવ્યવસ્થા પરીક્ષાલક્ષી બની જાય છે.ખાનગી શાળામાં ગુણવત્તા યુક્ત શિક્ષણ ન મળતા વાલીઓ પોતાના બાળકને ટ્યુશનમાં મોકલવા માટે મજબુર બને છે. ટ્યુશનને કારણે વિદ્યાર્થીઓ પર વધારાના અભ્યાસનો ભાર વધે છે જેથી તેઓ ખેલકૂદ કે અન્ય પ્રવૃત્તિઓમાં સમય આપી શકતા નથી અને તેઓનો સર્વાંગી વિકાસ અવરોધાય છે. આમ ખાનગી શાળામાં માત્ર પરિણામ લક્ષી શિક્ષણ કાર્ય કરાવવામાં આવે છે.
- **ખાનગી યુનિવર્સિટી કોલેજો**
  ખાનગી યુનિવર્સિટી -કોલેજોના પ્રમાણમાં ઘણો જ વધારો થયો છે આટલી મોટી સંખ્યામાં કોલેજો ખુલવાથી તાલીમ પામેલ અધ્યાપકો હોતા નથી તેઓમાં કુશળતા અને કૌશલ્યનો અભાવ જોવા મળે છે.આ સંસ્થાઓમાં જરૂરી ભૌતિક અને માળખાકીય સુવિધા નો પણ અભાવ હોય છે. અધૂરો અભ્યાસક્રમ રાખીને ડિગ્રી મળી જાય છે. ઉચ્ચ શિક્ષણમાં જરૂરી એવા કૌશલ્યના ક્ષમતાઓના ઘડતર પર ધ્યાન આપવામાં આવતું નથી.ખાનગી શાળા/કોલેજની સંખ્યામાં વધારો થવાથી, ઉચ્ચ શિક્ષણમાં ખાનગી યુનિવર્સિટી અને કોલેજ અભ્યાસક્રમ પૂર્ણ કરતી નથી અને પરીક્ષામાં વિદ્યાર્થીના વાસ્તવિક ગુણ કરતા તેઓને વધુ ગુણ આપી તેઓનું પરિણામ વધુ આપવામાં આવે છે જેમાં શિક્ષણની ગુણવત્તા જોખમાય છે જે પાયા વગરની ઈમારત જેવું છે.

- **શિક્ષણમાં વર્તમાન મુદ્દાઓ**
- **શિક્ષણ પર ખર્ચ- બજેટ**
  ભારતમાં શિક્ષણ પ્રણાલીના વિકાસ માટે વધુ ભંડોળ ફાળવવું જોઈએ.શિક્ષણ માં માળખાગત ગુણવત્તાયુકત સુવિધાઓ ઉભી કરવા, ભૌતિક સુવિધાઓ માટે, સંશોધન અર્થે, વ્યવસ્થામાં માં સુધાર માટે નાણાં સહાય જરૂરી છે.
- **ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ**
  ભારત ડિજિટલ શિક્ષણ તરફ આગળ વધી રહ્યું છે. ખાસ કરીને સરકારી શાળાઓમાં વધુ સારી ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવી જોઈએ. સરકાર હવે ડિજિટલ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી હોવાથી, તેમણે સરકારી શાળાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં પણ તમામ જરૂરી સુવિધાઓ પૂરીપડાવી જોઈએ.
- **વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર**
- ઉપલબ્ધ શિક્ષકો અને શિક્ષકોની સંખ્યા કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી વધારે છે. શિક્ષણ કાર્ય કરવા માટે લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક છે.
- **શિક્ષણની ગુણવત્તા**
- દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તામાં મોટો તફાવત છે. સમગ્ર ભારતમાં શિક્ષણની ગુણવત્તાને પ્રમાણિત કરવા માટે પગલાં લેવા જોઈએ જેથી દરેકને સમાન અને નિષ્પક્ષ જ્ઞાન અને વિકાસની તકો મળી શકે.
- **શિક્ષણને સસ્તું બનાવવું**
  સરકારી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ સસ્તું છે, પરંતુ માળખાકીય સુવિધાઓ અને ગુણવત્તાની દ્રષ્ટિએ અભાવ છે. બીજી બાજુ, એવી વિવિધ ખાનગી શિક્ષણ સંસ્થાઓ ઊંચી ફી માંગે છે અને ભણવા માટે વધુ સારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભૌતિકસાધનો ધરાવે છે. જેમાં આર્થિક સ્થિતિ ને કારણે કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષણ થી વંચિત રહી જાય છે . આ અસમાનતા પર કામ કરવું જોઈએ અને સરકારે શિક્ષણને સસ્તું અને બધા માટે સુલભ બનાવવું જોઈએ.

❖ **સમાપન**

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સૌનો સાથ સહકાર જરૂરી છે આ માટે નાગરિક સામાજિક સંસ્થાઓ નિષ્ણાતો સરકાર માતા-પિતા સમુદાયના સભ્યો અને બાળકોના પ્રયત્નોથી શિક્ષણને ગુણવત્તા યુક્ત બનાવી શકાય છે. શાળાના શિક્ષણને સુધારવા માટે શિક્ષણની પદ્ધતિઓ તાલીમ ની પદ્ધતિઓ અને પરીક્ષણમાં સુધારો જરૂરી છે. શિક્ષણની પદ્ધતિઓ રાજ્ય સ્તરે નક્કી કરવામાં આવે છે જેમાં વર્ગખંડમાં શિક્ષણ કાર્ય ને મહત્વ આપવામાં આવતું નથી. શિક્ષકોની સારી તાલીમ માટે તાલીમના જવાબદાર, કર્તવ્ય નિષ્ઠ ,સક્ષમ વ્યક્તિઓ દ્વારા જો તાલીમ આપવામાં આવે તો શિક્ષણની ગુણવત્તા વધુ સારી બનાવી શકાય છે. ગુણવત્ત યુક્ત શિક્ષણ માટે શિક્ષણમાં નવી પદ્ધતિઓ વિકસાવી જોઈએ પરીક્ષા અને મૂલ્યાંકન ની વ્યાપક પદ્ધતિઓ નક્કી કરવી જોઈએ.

❖ **સંદર્ભ**


- Vyas, R. N. (2006). Education in India: Quality and Issues. Deep and Deep Publications.
- Ramachandran, V. (2011). Quality Concerns in Education: A Study of Primary Education in India. SAGE Publications.
- ASER Centre (Annual Status of Education Report) - [https://www.asercentre.org/](https://www.asercentre.org/)
- NITI Aayog (National Institution for Transforming India) - Various reports on education - [https://niti.gov.in/](https://niti.gov.in/)
- Pratham Education Foundation - Research and reports on education in India - [https://www.pratham.org/](https://www.pratham.org/)
- Ministry of Education, Government of India - [https://www.education.gov.in/](https://www.education.gov.in/)
- National Council of Educational Research and Training (NCERT) - [https://www.ncert.nic.in/](https://www.ncert.nic.in/)